
શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છૂટક નકલ રૂા. ૧/-


'જાન્યુઆરી ૨૦૦૪'



ડૉ. હરેન ગાંધી તથા પ્રેસીડેન્ટ જ્યોર્જ બુશ–વાઈટ હાઉસ



બાલાસિનોરની બધી સંસ્થાઓ વતી હરેનભાઈને મોમેન્ટો અર્પણ
બાજુમાં શ્રીમતી યેલોબેન ગાંધી તથા શ્રી રમણીકભાઈ ધારીઆ



સૌ બાલાસિનોરવાસીઓ તરફથી પ્રસસ્થિપત્ર અર્પણ કરતાં શ્રી રમણીકભાઈ ધારીઆ

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૪ | ૧૦ | ૧૪-૧-૨૦૦૪ |

છુટક કિંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ • ૨૪૪૪ ૯૯૨૯

*

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮

*

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# પ્રેમ એટલે...

***તંત્રી સ્થાનેથી***

આકાશ વ્યવસાયે એક એન્જિનિયર છે. તેનો ધીર-ગંભીર સ્વભાવ અને ગમે તેવા સંજોગોમાં પણ અડગ રહેવાની શક્તિ મને ખુબ જ ગમતી. કદાચ, એજ કારણથી હું તેના પ્રત્યે આકર્ષાઈ હતી. તેનાં હુંફાળા સહવાસમાં આદક આનંદ મળતો. તેની હાજરી જાણે મારામાં કોઈ અકળ શક્તિનો સંચાર કરી દેતી.

કોલેજ કાળમાં મારી એટલે કે મુક્તાની અને આકાશની દોસ્તીની સૌને ઈર્ષ્યા થતી, લગભગ ત્રણ ચાર વર્ષ દોસ્તી માણ્યા પછી, અમે પણ લગ્ન ગાંઠમાં બંધાવાનું નક્કી કર્યું. મુક્તા-આકાશ એક થઈ ગયાં. લગ્ન પછીનો મુગ્ધ કાળ તો જોતજોતામાં વહી ગયો.

આજે પરિણયનો લગભગ બે વર્ષનો ગાળો વીત્યો છે અને સામાન્ય રીતે બને છે તેમજ... મને હવે આ સંબંધની ઘરેડનો કંટાળો આવવા માંડયો છે. આકાશનાં જે ગુણો મને ગમતાં હતાં, તેનો જ હવે મને કંટાળો આવતો હતો. એનું ખૂબ જ પ્રેકિટકલ હોવું, ધીર-ગંભીર હોવું, એની અડગતા, એની કામ પ્રત્યેની નિષ્ઠા- આ બધું જ હવે મને એકધારું - મોનો ટોનસ (Monotonus) લાગે છે. એના સ્વભાવની સ્થિરતાથી જીંદગી પોતે જ જાણે સ્થિર લાગે છે.

હું મુક્તા, એક મુક્ત પંખી, મન ભરીને જીંદગી જીવવાની નેમવાળી એક સંવેદનશીલ સ્ત્રી. સંબંધોમાંથી અને સંવેદનોમાંથી હું હંમેશા ૧૫૦ ટકાની અપેક્ષા રાખતી. આજે લગ્ન પહેલાંની એ મુગ્ધ ક્ષણો ફરી ફરી માણવા બહાવરી થઈ ગઈ છું, કોઈ નાનું બાળક ચોકલેટ ઝંખે એમ હું એ પળો ઝંખી રહી છું. અને આકાશ! ઓહ, કેટલો બોરિંગ. બસ... કોઈ લાગણીનો પુરો

પ્રતિસાદ જ નહીં. એજ ધીર-ગંભીર, પ્રેક્ટિકલ એપ્રોચ; એજ મોનોટોની અને એકધારા પણું. લગ્ન પહેલાં અને શરૂઆતનાં વર્ષોની રોમાન્સની મુગ્ધ પળો જાણે ખોવાઈ જ ગઈ. મને સમજાતું નથી, આમ કેમ? મારો અમારાં લગ્ન સંબંધ પરથી વિશ્વાસ જ ઉઠી ગયો છે. કદાચ, આકાશ મને પ્રેમ કરે છે, એ વાત માનવાય મારું મન તૈયાર નથી.

કેટલાય દિવસો ઘુંટાયા પછી એક દિવસ મેં આકાશને મારો નિર્ણય જણાવી જ દીધો, ''આકાશ! મારે છુટા થવું છે. I Want Divorce!'' એક હળવા આઘાત સાથે આકાશે પુછયું, ''કેમ?'' મેં સંભળાવી દીધું, ''બસ હું થાકી ગઈ છું. કંટાળી ગઈ છું. દુનિયાનાં ઘરે કેમ' નો જવાબ મારી પાસે નથી.'' અને હું બેડરૂમમાં ચાલી ગઈ.

આકાશ ગુમસુમ દિવાનખાનામાં સોફા પર જ પડી રહ્યો. ઉંડા વિચારોમાં ખોવાયેલો હતો કે પછી... ઉંઘતો હતો. પણ આકાશ બેડરૂમમાં ના આવ્યો અને મારી હતાશા આકાશને આંબી ગઈ. આ તે કેવો માણસ છે? ના તો એ પોતાની સંવેદનાઓ, લાગણીઓ દર્શાવે છે કે ના તો એ મને સમજાવી શકે છે એ મને સમજી શકયો જ નથી. આવાં માણસ પાસેથી શું અપેક્ષા રાખી શકાય?

કલાકેક પછી, અંતે એજ સ્થિતપ્રજ્ઞ ચહેરો લઈ તે મારી પાસે આવ્યો અને કોઈપણ લાગણીવેડા વગર મને પુછયું, ''મુક્તા! તારો આ નિર્ણય બદલવા હું શું કરી શકું?''

કો'કે સાચું જ કહ્યું છે, માણસનો પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય, વ્યક્તિત્વ બદલવું કે બદલાવું અઘરું જ છે. કેવા ઠંડે કલેજે એ મને પુછી શકે છે. લાગણીભર્યા શબ્દોથી પ્રેમપુર્વક મને સમજાવશે એવી મારી અપેક્ષાઓ થીજી જ ગઈ. હું એના પ્રત્યે સાવ લાગણી શુન્ય બની ગઈ અને તેની આંખોમાં તાકીમેં એને પરખાવ્યું. ''તને યાદ છે આકાશ, લગ્ન પછી ઉટી હનીમુન માણવા ગયાં હતાં. ત્યાં ટેકરીની ધાર પર એક સુંદર ફુલ હતું. મેં મજાકમાં જ તને એ ફુલ ચુંટી લાવવા કહ્યું, અને તું કોઈ રિએકશન આપે તે પહેલાં, પળનાય વિલંબ વગર મેં તને રોકી દીધો હતો. એ ફુલ ચુંટવા જવું એટલે મોતને નિમંત્રણ. હું, મારી જાન! તને ખોવા માટે તૈયાર ન હતી. આજે, હું તને પાછો એ સવાલ કરું છું, તું પેલું ફુલ, એવી જ કોઈ વિકટ ટેકરી પર પરથી ચુંટીને લાવી શકીશ? એ ફુલ દઈ મારો ખોવાયેલો પ્રેમ પાછો આપી શકીશ? તો કદાચ, હું મારો નિર્ણય બદલી શકું!''

''આનો જવાબ હું તને કાલે સવારે આપીશ.'' આટલું કહીએ પાછો દિવાનખાના તરફ વળ્યો. મારી અપેક્ષાઓ મને પીઠ દેખાડી રહી હતી.

સવારે આંખ ખુલી ત્યારે મને ઘર જાણે ખાલીખમ હોય તેવું લાગ્યું અને સાચે જ, આકાશ ઘરમાં ન હતો. વિચારોના આંદોલન વચ્ચે, ચા બનાવી, ડાઈનીંગ ટેબલ પર જઈ બેઠી. ડાઈનીંગ ટેબલનાં કાચ નીચે આકાશે કોઈ પત્ર મુકયો હતો. હતાશા સાથે મેં પત્ર વાંચવાની શરૂઆત કરી.''ડાર્લિંગ, હું તારા માટે એ ફુલ નહીં ચુંટી લાવી શકું. પણ, હું તને સમજાવવા માંગુ છું કે શા માટે?'' પત્રની શરૂઆત મારાં ભાંગેલા હૃદય પર એક વધુ કારમો ઘા કરી ગઈ. કમને હું આગળ વધી, મુકતા તને યાદ છે. શાક સમારતા તારી આંગળી કપાઈ જાય ત્યારે તું કેવી કણસે છે અને આંસુઓનાં ધોધ વહેવડાવી દે છે. ત્યારે મારે જ તેને સંભાળવી પડે છે. મારી આજ આંગળીઓથી હું તારાં આસું લુછી, ઘાને 'ડેટોલ'થી સાફ કરી બેન્ડ એઈડ લગાડી આપુ છું. બસ આજ કારણથી હું મારી આંગળીઓ બચાવવા માંગુ

છું, જેથી ભવિષ્યમાં પણ તારાં આંસુ લુછી, તારું દુઃખ હળવું કરી શકું.

મુકતા, તું સાવ ભુલકણી છે. ચાવી ઘરમાં જ ભુલી જઈ, બહાર નીકળી જાય છે. પછી તો મોબાઈલ પરથી 'આકાશ જલ્દી આવ' નો હુકમ. બંદા દોડતાં આવીને તારે માટે ઘરનો દરવાજો ખોલી આપે. આ બધું કરવા મારે હાથ-પગ તો સાબુત રાખવાં પડેને. તારા માટે જ.

આખી બપોર ટી.વી. પર સિરીયલો જોઈ, આંખો દુખવાની ફરિયાદ કરે છે, ત્યારે eye drop નાંખ્યા પછી બળતી આંખો બંધ થઈ જાય ત્યારે થોડીવાર માટે મારી આંખે જ તો તું દુનિયા જુએ છે. તો એ આંખોને તો મારે સંભાળવી જ રહીં.

જીંદગીની આવી ઘણી નાની નાની બાબતો છે. જેમાં હું તારો પુરક બની શકું. મુક્તા! બસ એ જ કારણોથી હું મારો જાન જોખમમાં મુકવા નથી માંગતો. એકમેકના સહવાસમાં, એકમેકની હુંફમાં, સંસાર માંડવાનો છે.પાછલી ઉંમરે એકમેકનો સથવારો સાધવાનો છે.

તો, મુક્તા! જયાં સુધી મને ખાતરી ન થાય કે મારાં કરતાંય વધુ પ્રેમ કોઈ તને કરી શકશે, ત્યાં સુધી પેલું ફુલ ચુંટવાની મારી તૈયારી નથી.

છેલ્લા ત્રણેક વર્ષની બીનાઓ મારી સ્મૃતિમાં તાજી થવા લાગી. આકાશ મારા જીવનમાં ચારે બાજુ ફેલાયેલો લાગ્યો. નાની નાની બાબતો માટે પણ હું, આકાશનાં જ સહારે હતી. આકાશની આ લાગણીઓ મેં અપેક્ષિત- Taken for Granted - ગણી લક્ષ્યમાં જ લીધી ન હતી. રોમાંચ અને રોમાન્સની ઉન્માદક અને જીવંત પળો જ હું કાયમ ઈચ્છતી, રોજબરોજનાં સહજીવનની નાની ક્ષણોનો આનંદ જ ભુલી ગઈ હતી. મારી આંખોમાંથી આંસુ પત્ર પર ટપકી રહ્યાં હતાં. ધુંધળી આંખો પત્ર પરનાં શબ્દો શોધતી આગળ વધી.

''અને જો ડાર્લિંગ, મારો જવાબ વંચાઈ ગયો હોય અને તને તારો જવાબ મળી ગયો હોય, તારા મનનું સમાધાન થયું હોય તો, મહેરબાની કરી મારે માટે દરવાજો ખોલીશ. હું તારી ગમતી કેડબરી ચોકલેટ સાથે, રોજની જેમ જ બહાર દરવાજો ખુલવાની પ્રતીક્ષા કરી રહ્યો છું. - તારો જ, આકાશ.''

મારા મનને કદાચ ઉત્તર મળી ગયો હતો. અધીરાં પગ એની મેળે જ દરવાજો ખોલવા દોડી ગયાં. આકાશ એવો જ દૃઢ, ધીર ગંભીર, હાથમાં કેડબરી લઈ વ્યાકુળતાથી દરવાજો ખુલવાની રાહ જોતો ઉભો હતો. મને પ્રતિતી થઈ ગઈ કે, આકાશ ગમે તેવો હોય પણ એના જેટલો પ્રેમ બીજું કોઈ મને કયારેય નહીં આપી શકે. મને મારું ફુલ મળી ગયું.

આ જ જીંદગી છે અને આ જ પ્રેમ છે માણસ પ્રેમમાં ઘેરાયેલો હોય છે, પ્રેમમાં જ ઓતપ્રોત હોય છે ત્યારે રોમાંચની અનુભૂતિ એટલી વ્યાપક નથી હોતી. અનાયાસ જ ઘરેડ, એકરૂપતામાં તેને સાચો પ્રેમ નજરે નથી ચઢતો. મુગ્ધાવસ્થાની પળો એ તે ઉંમરની અભિવ્યક્તિ હતી. સહજીવનનાં વર્ષો વીતે તેમ પ્રેમમાં પણ પકવતા આવીજ જાય. રોમાંચની અપેક્ષાઓ કદાચ વધી જાય છે.

પ્રેમનાં ઘણાં સ્વરૂપ સંભવી શકે છે. ધીર-ગંભીર, સાતત્યવાળો પ્રેમ પણ હોઈ શકે. વધુ નિકટતા અને લાંબો સહવાસ પ્રેમને મોનોટોનસ (ઘરેડબંધ) બનાવી શકે છે. ફુલો, બગીચા, દરિયા કિનારાની સાંજ અને મુગ્ધકાળનો પ્રેમ એતો ઉપર છલ્લી લાગણીઓનો ઉલ્લાસ છે. એની ભીતર જાઓ તો જ પ્રેમની સચ્ચાઈ પારખી શકશો. પ્રેમની આ સચ્ચાઈ જ સહજીવન માટે અને જીવન માટેનું મજબુત કારણ છે.

❑ ***ચેતન મોદી***

✡ ✡ ✡

# બાલાસિનોરનો પનોતો પુત્ર ડૉ. હરેન ગાંધી



૬ઠ્ઠી નવેમ્બરનો દિવસ બાલાસિનોરવાસીઓ માટે એક ગૌરવભર્યો દિવસ હતો. આ દિવસે બાલાસિનોરના એક પનોતા પુત્ર ડૉ. હરેન ગાંધીને અમેરિકાના પ્રેસીડેન્ટ જ્યોર્જ બુશના હાથે સાયન્સ એન્ડ ટેકનોલોજીનો અમેરીકાનો સર્વોચ્ચ એવોર્ડ એનાયત થયો.

હરેનભાઈ એટલે શ્રી સાંકરલાલ ગાંધી તથા ઈચ્છાબેનના બહોળા કુટુંબના ૧૩ ભાઈ-બહેનોમાં સૌથી નાના દીકરા. નાનપણથી જ ભણવામાં હોશિયાર અને ઘરમાં સૌના લાડકાં, લાડ પ્યાર મા-બાપ ઉપરાંત ભાઈ-બહેનો પાસેથી પણ પુષ્કળ મળ્યો. ૧૩ વર્ષની ઉંમરે ઘરના તમીળ ડ્રાઈવર પાસેથી જયારે પહેલી વાર કાર ચલાવતાં શીખ્યા ત્યારે જ ભવિષ્યના બીજ વવાઈ ગયા હતાં. હા.ઓટોમોબાઈલ એ એમનો સૌ પ્રથમ પ્રેમ. ભવિષ્યમાં આજ ક્ષેત્રમાં કંઈક કરવું એવી મનમાં ગાંઠ વળી ગઈ ત્યારે મીકેનીકલ એન્જીનીયર થવાનું વિચારેલુ પરંતુ નિયતીને કંઈક ઓર જ મંજુર હશે. એન્જીનીયરીંગની મુંબઈની બધી જ કોલેજોના ફોર્મ ભર્યા હતાં પરંતુ મિત્રના પિતાની દોરવણીથી યુડીસીટી કોલેજમાં કેમીકલ એન્જીનીયરીંગ ક્ષેત્રે ભણવાની શરૂઆત કરી. ત્યારબાદ વધુ અભ્યાસ માટે અમેરીકા પહોંચ્યા. ત્રણ વર્ષ ભણીને પાછો આવીશ એમ જ વિચારેલું, દોમ દોમ સાહ્યબીમાં ઉછરેલા હરેનભાઈને થયું પિતાના પૈસે કયાં સુધી અમેરીકામાં ભણીશ? એટલે સમરજોબ લીધો મેનીકવીન ડ્રેસ-અપ કરવાનો અને આ કપડાં લોન્ડ્રોમેટમાં ધોવા જતાં ત્યારે વોશિંગ મશીનમાં ફરતાં કપડાં જોતાં જોતાં વિચાર આવ્યો. માણસની જીંદગી પણ આમ જ ગોળ ગોળ ફરતી રહે છે ઉતરાવ ચઢાવ આવ્યા જ કરવાના અને મનમાં રહેલું સઘળું અભિમાન પોતાના ભણતરનું, પિતાના પૈસાનું અને કુટુંબનું. ત્યાં જ લોન્ડ્રોમેટમાં મુકીને બહાર આવ્યા. કેમીકલ એન્જીનીયરીંગમાં માસ્ટર્સ અને ત્યારબાદ પીએચડી કરીને ડૉકટરેટ મેળવી અને એમ.બી.એ પણ કર્યું. ત્રણ વર્ષ પછી ભારત પાછા ફર્યા હતાં, લગ્ન કરવાં પરંતુ શ્રી ઓચ્છવલાલ શેઠની સુપુત્રી ચેલોબેન સાથે લગ્ન પછી વિચાર્યું કે પત્નીને પણ અમેરીકાનો અનુભવ આપવો જોઈએ એ વિચારે અમેરીકા પાછા ગયા અને પછી તો પુત્રી સંગીતા અને પુત્ર આનંદનો જન્મ થયો અને હરેનભાઈએ અમેરીકાને જ પોતાની કર્મભુમિ બનાવી દીધી. ફોર્ડ મોટર કંપનીમાં રીસર્ચ સાયન્ટીસ્ટ તરીકેની કારકીર્દી શરૂ કરી. ત્યારબાદ તેઓએ પાછુવાળીને જોયું નથી. એક પછી એક શોધ થતી ગઈ. સૌ પ્રથમ શોધને લઈને પેટન્ટ કરાવવા જયારે કંપનીના પેટન્ટ લોયર પાસે ગયાં ત્યારે તેમણે કહ્યું કે હરેન તારી આ શોધ ખરેખર ઉપયોગમાં મુકાય એની શકયતા એટલી જ છે જેટલી તારી હથેળીમાં વાળ ઉગવાની પણ આવી વાતોથી હારીને બેસી રહે એ હરેનભાઈ નહી અને આજે એ વાતને ૩૬ વર્ષ થયા. હરેનભાઈની હથેળીમાં વાળ તો નથી ઉગ્યા પણ એમની શોધ આજે દુનિયાની લાખો ગાડીમાં કાર્યરત છે. આજે પોતાની પુત્રી સંગીતા પેટન્ટ લોયર છે અને પુત્ર આનંદ મીકેનીકલ એન્જીનીયરીંગમાં પીએચડી ધરાવે છે.

હવે આપણે તેઓએ મેળવેલ એવોર્ડની વાત

કરીએ. એક સાંજે હરેનભાઈ બહારથી આવ્યા ત્યારે એમની સેક્રેટરીએ કહ્યું કે કોમર્સ ડીપાર્ટમેન્ટમાંથી કોમર્સ સેક્રેટરીનો ફોન હતો. હરેનભાઈના મનમાં ફાળ પડી. અમેરીકામાં બે ડીપાર્ટમેન્ટથી બચીને રહેવાનું એક કોમર્સ અને બીજો લો ડીપાર્ટમેન્ટ કંઈક ખોટું થયું છે, માર્યા ઠાર એવા ડર સાથે હરેનભાઈએ વળતો ફોન કર્યો અને કોમર્સ સેક્રેટરીએ જયારે એવોર્ડના ન્યુઝ આપ્યા ત્યારે સપનું સાકાર થતું લાગ્યું. આ ઉચ્ચત્તમ એવોર્ડનું સપનું દરેક વિજ્ઞાની અમેરીકામાં જુએ છે પણ આ એવોર્ડની આશા રાખવી એ નોબેલ પ્રાઈઝની આશા રાખવી બરાબર ગણાય. આ માટે થયેલી શોધની મોટાપાયે ચકાસણી થાય. એનો ઉપયોગ, માનવજાત માટે આ શોધનું યોગદાન વગેરે અનેક પાસાઓ ચકાસ્યા બાદ આ એવોર્ડ માટેની વરણી કરાય. આ એક મહાન સિધ્ધીની ચરમસીમા એટલે વાઈટ હાઉસમાં પ્રેસીડન્ટ બુશ દ્વારા અપાયેલ આ એવોર્ડ આપ્યા બાદ પ્રેસીડન્ટ હરેન ગાંધીને કહ્યું ‘‘યુ હેવ-અ-રીસપેકટેડ સરનેમ આય એમ પ્રાઉડ ઓફ હીમ (ગાંધી). હરેનભાઈએ કહ્યું. સો એમ આઈ.’’ આમ હરેનભાઈએ ફરીવાર ગાંધીને પોતાના કામથી નામના અપાવી. હવે એમની બીજી બાજુ આપણે જોઈએ. બાલાસિનોરનો એમના પર પ્રભાવ કેટલો એના જવાબમાં હરેનભાઈએ જણાવ્યું કે પિતા શ્રી સાંકરલાલ ગાંધી (કલકત્તાવાળા) પહેલેથી જ એક આગળ પડતાં કાર્યકર્તા હતાં. ઘણી બધી સંસ્થાઓમાં એમણે પાયાનું કામ કરેલું કાંદીવલી સદન બનાવી બાલાસિનોરથી આવેલા લોકોને વસાવવાનું કાર્ય હોય કે બાલાસિનોરમાં ધરમશાળા (કલકત્તાવાળાની) હોય એમનું યોગદાન મહત્વનું રહ્યું હતું એટલે બાલાસિનોરના સંસ્કાર એમને નાનપણથી મળેલાં ઉપરાંત બાલાસિનોરના વાણીયા હોવાથી, જયારે બીજા બધા વૈજ્ઞાનીકો નવી નવી શોધ કરીને બેસી જાય છે ત્યારે હરેનભાઈએ પોતાની શોધને કોમર્સીયલ ઉપયોગમાં મુકવા માટે પણ મહેનત કરી અને કંપનીએ પોતાની પાછળ ખર્ચેલા પૈસાથી દસગણું વધુ વળતર કંપનીને પાછું મેળવી આપ્યું પર્સનલ લાઈફમાં હરેનભાઈને કામ ઉપરાંત વાંચવાનો, મ્યુઝીકનો અને ફીટનેસ માટે રેગ્યુલર એકર્સસાઈઝનો શોખ છે આ ઉપરાંત પ્રવાસ એમનો ખાસ શોખ છે પોતાની ટેકનિકલ સફળતાનું શ્રેય તેઓ પોતાની ફોર્ડ મોટર કંપનીના સાથી કાર્યકર્તાઓ અને વૈજ્ઞાનીકોને આપે છે તથા ખાસ પોતાના પત્ની યેલોબેનને તથા કુટુંબીજનોના સ્નેહ અને પ્યારને. તેઓની નબળાઈ છે પૌત્રી સારીકા. તેઓ જીવનમાં એકાત્મતા, પ્રામાણિકતાં અને સ્પષ્ટ વકતાપણુંને પોતાના મહત્વના ગુણો ગણે છે. વિશ્વાસ રાખે છે હાર્ડવર્કમાં અને ભગવાનમાં. ગીતાના કર્મયોગમાં શ્રધ્ધા છે. ફળની આશા વગર કર્મ કર્યે જાય છે ભવિષ્યમાં આ જ ક્ષેત્રમાં વધુ શોધો કરવાનો તથા સાથી વૈજ્ઞાનીકોને મદદરૂપ થવાનો ઈરાદો ધરાવે છે માનવજાતને ઉપયોગી કોઈપણ શોધ હોય જોએ આપણી આવનાર પેઢી માટે કંઈક નવી આશા લઈને આવવાની હોય તો એને આવકારવાનો નેક ઈરાદો ધરાવે છે ભારત ખરી દિશામાં આગળ વધીને દુનિયાની એક મહાસત્તા બનશે જ એનો વિશ્વાસ ધરાવે છે. ખાસ કરીને ભારતના ઓટોમોબાઈલ ક્ષેત્રમા વિકાસ માટે તેઓ ખુબ જ આશા સ્પદ છે.

હરેનભાઈને સૌ બાલાસિનોરવાસીઓ તરફથી ખુબ ખુબ અભિનંદન.

*- ઈન્ટરવ્યુ*

❒ *નિખિલ પરીખ*

❒ *ચેતન મોદી*

# ડૉ.હરેન ગાંધીનો સન્માન સમારંભ

ડૉ.હરેન ગાંધીને અમેરીકાનો ઉચ્ચત્તમ સાયન્સ એવોર્ડ "The National Award for Science and Technology" અમેરાકીના પ્રેસીડન્સ શ્રી જયોર્જ બુશના હસ્તે આપવામાં આવ્યો હતો. ડૉ. હરેનભાઈ ગાંધીનો સન્માન સમારંભ તા.૪-૧-૦૪ના રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે ઈન્ડીયન મર્ચન્ટ ચેમ્બર ચર્ચગેટ ખાતે યોજાયો હતો નીચે મુજબની ૯ સંસ્થાઓએ સાથે મળીને આ સન્માન સમારંભનું આયોજન કર્યું હતું. પ્રમુખસ્થાને શ્રી રમણીકભાઈ ધારીઆ ઉપસ્થીત હતાં. શ્રી હરેનભાઈ તથા તેઓના પત્ની શ્રીમતી યલોબેનનું સન્માન, શાલ, બુકે, મોમેન્ટો તથા સર્ટીફીકેટ દ્વારા શ્રી નટવરભાઈ વોરા તથા શ્રી રમણીકભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. વેલકમ સ્પીચ શ્રી નીતીન ગાંધી દ્વારા આપવામાં આવી તથા ડૉ. હરેનભાઈનો પરિચય શ્રી નિખિલ દેસાઈ દ્વારા આપવામાં આવ્યો હતો. આભારવિધિ શ્રી યોગેશ ધારીઆ દ્વારા કરવામાં આવી. વિવિધ સંસ્થાઓનો ટુંકમાં પરિચય શ્રી મોહનભાઈ લાયે આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન તંત્રી નિખિલ પરીખ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન નાસ્તા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. ડૉ. હરેનભાઈએ સ્લાઈડ શો દ્વારા તેઓની શોધ તથા એવોર્ડ મેળવ્યાની વિગત રજુ કરી હતી.

વિવિધ સંસ્થાઓ નીચે મુજબ છે.

1. Shree Vadasinor Pragati Samaj
2. Shree Balasinor Prgati Samaj Cr. Co-operative Society
3. Shree Balasinor Seva Samaj
4. Shree Balasinor Navyuvak Sangh
5. Shree Balasinor Vidyotejak Mandal
6. Shree Balasinor Sanskrutik Mandal
7. Shree Balasinor Kelvani Mandal
8. Shree Balasinor Vidya Mandal
9. Shree Vadasinor Dashanima Navyuvak Mandal

* * *

# "અનંત"

તુજને ઓળખવા પ્રભુ, જન્મારો વીતી ગયો,
સુખની ચાદર આપી, હું એમાં અટવાઈ ગયો.
ગત વર્ષોની યાદ, હું મમરાવતો રહ્યો,
મૃગજળ સમા જીવનનો, રસપાન કરતો રહ્યો.
''દુ:ખ સુખ, ઉત્તરચઢ કરી, કસાયેલી બુલેટ પ્રુફ કાયા,
સાગરનાં તરંગોની લપડાક ઝીલતું જરજરીત જરા.
લાકડીના ટેકા વગર, હલનચલન ના કરી શકતી આ કાયા,
અંધને બહેરાશ, બે વડ વળેલું, બોલવાનાય ફાંફાં,
શા માટે, કોના માટે, ઘર ખૂણે પડેલા પથ્થર જેમ,
ટળવળતું, કણસતું, ધબધબતું, હુંકારા ભણતું,
નિરજીવ પણ સજીવ, જીવવાની આશાએ,
ઝોલા ખાતું, ફાંફાં મારતું, ઓ જીવ હવે તો ભજીલે.''
ના કોઈ સાથ આવ્યું, ના કોઈ આવશે !
અંત સમયે, અનંત (પ્રભુ) સાથ આપશે.

*સાગર - સંસાર*
*તરંગ - ખટરાગ*
*પથ્થર - ઘડપણ*
*જરા - શરીર*
*અનંત - પ્રાણ*

❑ *ચંદ્રકાંત શાહ (ચટઈ)*

# એક ડૉક્ટરની ડાયરી

## -અને ફૂલ કરમાઈ ગયું

એક આદર્શ કિલ્લોલ કરતું કુટુંબ. તેના વડા નંદલાલ હરિયાણી શૈક્ષણિક બોર્ડિંગમાં ગૃહપતિ અને અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા. તેમનાં પત્ની તેમના દરેક કાર્યમાં મદદરૂપ થાય. તેઓ, બંને, બે પુત્રીઓ અને એક પુત્ર એમ પાંચ જણાનું કુટુંબ. મારે તેમની સાથે ઘર જેવો સંબંધ.

નાની દીકરી ગીતા કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરે. એ દિવસ રવીવારે સાંજના સમયે તેઓ ગીતાને લઈને મારે ઘરે આવ્યા. તેની નસકોરી ફૂટેલી અને લોહી બંધ ન થાય. આ તો એક સામાન્ય વાત હતી, એટલે લોહી તો બંધ થઈ ગયું, પરંતુ અમે ડૉક્ટરો કારણ શોધવા પ્રયત્ન કરીએ એટલે દીકરીને બીજે દિવસે દવાખાને બોલાવી.

લોહીની તપાસ કરાવી. રિપોર્ટ લોહીના કેન્સરનો આવ્યો. બાપ-દીકરીને આ વાત મારે કેવી રીતે કરવી તે મથામણ મારા મનમાં ચાલી. બાવીસ વર્ષની જુવાન દીકરી. ખીલેલું ફૂલ, ચહેરા પર નિર્દોષ સ્મિત રમે. પરંતુ પિતાને ખ્યાલ આવી ગયો કે વાત કંઈ ભારે છે. ગીતાને બહાર બેસવા કહ્યું અને નંદલાલભાઈને વાત સમજાવી કે ગીતાને લોહીનું કેન્સર છે અને આપણે તેને સમજાવીને સારવાર શરૂ કરવાની છે. આ દર્દને માટે દવાઓ પણ છે અને તેનાથી દર્દને કાબૂમાં રાખી શકાશે. શકય છે કે તેની સારવાર દરમિયાન આ દર્દ મટાડતી દવાઓ પણ શોધાય. એટલે આપણે હિંમત રાખવાની છે.

મનમાં સંકલ્પ કર્યો કે ગીતાને દીકરી જ માનવી અને કદી તેમની પાસેથી કોઈ ચાર્જ ન લેવો. ઈશ્વરની પ્રેરણા કહો કે જે કહો તે પણ તે દિવસથી ગીતા મારી પુત્રી બની ગઈ. તેના હૃદયમાં મારા માટે પિતાતુલ્ય ભાવ થયો. દર મહિને એક વાર અમદાવાદ લોહી લેવા જવું પડતું. સારવાર અમદાવાદ કેન્સર હોસ્પિટલની ચાલે. આ દર્દમાં લોહીનું પાણી થતું હોઈ, લોહી ચડાવવું અનિવાર્ય બને છે.

ગીતાના મનમાં કોઈ પ્રશ્ન ધોળાય તો કદી તેનાં માતાપિતાને વાત ન કરે. સીધી મારી પાસે આવે અને હું તેનું સમાધાન કરવા પ્રયત્ન કરું અને ખુશ કરીને પાછી મોકલું. ડાહી દીકરી, સમજુ પણ એટલી જ. હૃદયની અતિ કોમળ: વાચન વિશાળ એટલે તેના મનમાં પ્રશ્નો ઉપસ્થિત થાય એટલે ઢીલી પડી જાય. ઘણી વખતે તો મારાં બધાં કામ મૂકીને કલાકો સુધી સમજાવવી પડે. તેમનું ઘર મારા દવાખાને જતાં વચ્ચે આવે. વારંવાર તેને ખબર ન પડે તે રીતે તેના ખબર અંતર પૂછયા કરું. પંદર દિવસમાં એક વાર તો મળવાનું બને જ. કોઈ કોઈ વાર તેને હિસ્ટેરિકલ ફિટ પણ આવતી. ત્યારે કોઈ મને બોલવવા આવે. ત્યાં જઈને તેના માથા પર હાથ ફેરવી તેને વહાલ કરું એટલે તરત સારું થઈ જતું. કદી ઈંજેક્ષન આપવાની જરૂર પડતી નહિ!

## સમાચાર વિભાગ

૧) અંધેરીમાં હાલમાં વસતાં તથા અંધેરી છોડી ગયેલા બાલાસિનોર વાસીઓનું સમુહ ભોજન તા.૮-૨-૨૦૦૪ના રવિવારે સવારે ૧૦-૩૦ કલાકે નીચેના સ્થળે રાખવામાં આવ્યું છે.

સંપર્ક: કલ્પેશ ધારીઆ ઘર: ૨૬૭૭૮૭૫૨, ઓ: ૨૨૦૬૧૫૧૪, ૫૬૩૩૬૦૬૧ સ્થળ: બાબાસાહેબ આંબેડકર ભવન, લોખંડવાલા જંકશન, આર.ટી.ઓ.રોડ જ્ઞાન કેન્દ્ર સ્કુલની સામે, અંધેરી (વે) મુંબઈ-૫૮

૨) બાલાસિનોરમાં આર્ષ વિદ્યાલય, પટવાશેરી, બાલાસિનોર દ્વારા સ્વામી શ્રી તદ્રુપાનંદ સરસ્વતીના પ્રવચનનું આયોજન તા.૮,૯ તથા ૧૦મી ફેબ્રુઆરીના રોજ મોઢ બ્રાહ્મણવાડીમાં સાંજે ૬-૩૦ થી ૮ વાગ્યા સુધીમાં કરવામાં આવ્યું છે. સ્વામીજી ''ઈશ્વર નથી હું નાસ્તિક છું'' વિષય ઉપર બોલશે તથા શ્રોતાઓ સાથે પ્રશ્નોત્તરીના જવાબ આપશે. સ્વામીજી દ્વારા વિવિધ સ્થળે આધ્યાત્મીક, જ્ઞાન-સાધના તથા સંસ્કાર શિબિરોના આયોજન દ્વારા લોકસંસ્કારોનું ઉમદા કાર્ય કરવામાં આવે છે. તેઓને સાંભળવાનો આ મોકો શ્રોતાઓ જરૂરથી લેશે એવી અભ્યર્થના.

ગીતાના માતુશ્રી ભક્તિપરાયણ. કદી કાંઈ બોલવું નહિ, કોઈ ફરિયાદ નહિ. દીકરીની ચાકરી ભક્તિભાવથી કર્યા કરે. તેમને પણ વારંવાર નસકોરી ફૂટતી અને નબળાઈ પણ આવી જતી, પરંતુ તેમની વાત તો કોઈને કહે જ નહિ. પિતાનો સ્વભાવ પણ એવો કે કોઈ વાતની ફરિયાદ નહિ. ઘરમાં સૌ આ વાત જાણે, પણ કોઈ આ દર્દ અંગે શબ્દ પણ ઉચ્ચારે નહિ. અમારા ઘર પાસે નવરાત્રિમાં ગરબા લેવાય. ૪૦૦-૫૦૦ વ્યક્તિઓ નાનાં મોટાં બે-ત્રણ સર્કલમાં ગરબા લેતાં હોય. ગીતા પણ ગરબાં આવે, ત્યારે ખૂબ ખીલે, તેને ખ્યાલ પણ ન હોય તેમ મારું ધ્યાન તેના પર હોય કે થાકી તો નથી જતીને ! એકાદ ગરબો પૂરો થાય કે દોડતીક તે આવે અને આનંદ વ્યક્ત કરે.

સમય જતાં દવાથી દર્દ તો કાબૂમાં રહ્યું, પરંતુ અંદરથી તે નબળી પડતી જતી હતી. અમદાવાદના પ્રોફેસર અને જાણીતા સર્જક વિવેચક અનિરુદ્ધભાઈ બ્રહ્મભટ્ટને પણ લોહીનું કેન્સર હતું. અમદાવાદ જાય ત્યારે ગીતા તેમની પાસે પહોંચી જાય અને આ દર્દ વિશે જેટલી માહિતી મળે તેટલી મેળવી લે, પરંતુ તેના દિલની વ્યથા બહાર આવવા દે નહિ. વધારે સહન ન થાય ત્યારે મને વાત કરે. એક વાત નક્કી હતીઃ આ દર્દમાં મૃત્યુની રાહ જોવાની હતી. દીકરી અને કુટુંબનાં સૌ જાણતાં, છતાં ઘરમાં આ વાત ઉચ્ચારાતી નહિ.

સમય પસાર થતો ગયો. એક, બે, ત્રણ વર્ષ અને પછી તો તકલીફો વધવા લાગી. નબળાઈ વધારે લાગે, લોહી પણ થોડા થોડા સમયે ચઢાવવું પડે. તેનું મન મક્કમ રહે, તે માટે અમે સૌ પ્રયત્ન કરતાં. છેલ્લા છ માસમાં તો ખ્યાલ આવી ગયો કે, દીકરી હવે થોડા સમયની મહેમાન છે. વારંવાર તે મારી પાસે તબિયતની ફરિયાદ લઈને આવતી અને હું તેને સમજાવતો. પછી લોહી ચડાવવા અને અમદાવાદ નહીં મોલકતા, અહીં જ ચડાવતાં. એક પ્રસંગે કોઈનું લોહી મળ્યું નહિ. મારા પરમ મિત્ર અને આદર્શ ડૉકટર જે.બી. વડેરા તે વખતે અહીંની કે.કે. હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ હતા. તેમણે તેમનું લોહી ગીતાને ચડાવ્યું.

અને એક દિવસ-રાતના નવ વાગ્યાનો સમય. હું તથા મારા પત્ની અમારા એક મિત્રને ત્યાં તેમની પુત્રીના લગ્નનના ફોટાનું આલબમ જોવા જઈ રહ્યા હતાં. દોડતો એક ભાઈ બોલાવવા આવ્યો કે ગીતાબહેનને વસમું લાગે છે. મિત્રને ત્યાં જવાનું મુલતવી રાખી સીધા ગીતા પાસે પહોંચી ગયાં. ચહેરો સૂજી ગયેલો. લોહીના ચક્રામાં દેખાય. તેને ગભરામણ થતી હતી. ખ્યાલ આવી ગયો કે અંતકાળ નજીક છે. પિતા મુંબઈ ગયેલા. બહેન એકલાં જ ઘરે એટલે તેઓ ખૂબ ગભરાઈ ગયેલા. મુંબઈ ફોન કરીને નંદલાલભાઈને બોલાવી લીધા.

દીકરી પાસે નિરાંતે બેઠા. ઘણા વખતથી તેણે લખેલાં કાવ્યો વાંચવાનું કહેતી, પરંતુ તે વાત ભુલાઈ જતી. તેનું બધું સાહિત્ય મંગાવ્યું. એક પછી એક કાવ્ય વાંચતો ગયો. આ છેલ્લું જ વાંચવાનું હતું. ગીતાએ સુંદર કાવ્યો લખ્યાં હતાં. તેમાં એક કાવ્યે મારી આંખમાં પાણી લાવી દીધાં. તેણે લખેલું કે, 'મારાં માતાપિતાએ મારું નામ ગીતા પાડયું છે. પણ પ્રભુ, ગીતામાં જે લખ્યું છે તેનો અંશ પણ બની શકું તેમ કરજે.' 'મૃત્યુ મરી ગયું' એ ઉષાબહેન શેઠનું, એમની દીકરીએ ખેલેલા વીરતાભર્યા જંગનું વર્ણન કરતું પુસ્તક છે. આ પુસ્તક મારી પાસે હોવા છતા તેને વાંચવા આપતો નહિ, પંરતુ તેણે ગમે ત્યાંથી હાથ કરી વાંચેલું. તેણે વાંચેલાં પુસ્તકોની યાંદી જોઈ ગયો ત્યારે મને ખ્યાલ આવ્યો કે આ દીકરીમાં સમજણનું કેટલું ઊંડાણ છે ! તેનું વિશાળ વાચન જોઈને અને સમજણ જોઈને મારા હૃદયને આંચકો લાગ્યો કે આવી કોમળ હૃદયની દીકરી ચાલી જશે !

તે દિવસથી મારો નિત્યક્રમ બની ગયો કે દીકરીને

દિવસમાં ત્રણ વાર-સવાર, બપોર અને સાંજના જોવા જવું. દરરોજ સવારના બગીચામાંથી ચૂંટીને ગુલાબનાં રંગબેરંગી ફૂલો ફ્લાવરવાઝમાં ગોઠવી જાઉં. તેની સામે ટેબલ પર મૂકું. તેને દરરોજ હસાવું કે આવાં ખીલેલાં ગુલાબ જેવી મારી દીકરી થઈ જશે. એક દિવસ ગુલાબ કરમાઈ ગયાં. મારી ભૂલને કારણે ગુલાબની દાંડી પાણી બાહર રહી ગયેલી તેના કારણે ગુલાબ કરમાઈ ગયાં. સાંજના હું જયારે તેની પાસે ગયો ત્યારે ગીતા મારા ખોળામાં માથું મૂકીને ખૂબ રડી. તેને પંપાળતો રહ્યો અને રડવા દીધું. તેને ખૂબ સમજાવી કે આ મારી ભૂલને કારણે ફૂલો કરમાઈ ગયાં છે. તેમ હું પણ એક દિવસ કરમાઈ જઈશ. બીજા દિવસથી બે ફૂલદાનીમાં ગુલાબ ભરીને લઈ જવા માંડયો. એકને ટિપાઈ પર રાખું અને બીજાને ટોડલા પર મૂકું જેથી કોઈ પણ સ્થિતિમાં સૂતી હોય તો તેને ગુલાબ દેખાય. ગુલાબ જોઈને તે શું વિચારતી હશે! પરંતુ તેનું મન આનંદમાં રહેતું.

દિવસે દિવસે પીડા અસહ્ય બનતી ચાલી. ચહેરો ફૂલી ગયો, આંખો પણ ઝીણી થઈ ગઈ. ખાવામાં તકલીફ પડવા લાગી. શ્વાસોચ્છ્‌વાસમાં પણ તકલીફ પડતી એટલે પાછળ ગાદલાં મૂકીને તેને બેસાડતાં. શરીર પર કાળાં ચાંઠાં દેખાતાં હતાં અને બોલી પણ શકાતું નહિ. આવા સમયે દીકરી તેના માતાપિતાને કાંઈ કહેતી નહિ, પરંતુ મારી પાસે ખૂબ લાડ કરતી હું લાડ કરાવતો. હું સાંજના તેની પાસે બેસું ત્યારે બોલી શકતી નહિ, પરંતુ લખીને આપતી કે ભાઈ, આજે તમે વધારે વાર બેસો, આજે તમે મને જમાડો, આજે તમારે જવાનું નથી, હું સૂઈ જાઉં પછી જવાનું છે. તે રાજી રહે તે માટે અમે બધા પ્રયત્નો કરતાં.

છેલ્લે સાંજના જયારે હું તેની પાસે ગયો, ત્યારે ખ્યાલ આવી ગયો કે આજની રાત ભારે છે. રાતના બાર સુધી તેની પાસે જુદી જુદી વાતો કરી તેને ખુશ કરવા પ્રયત્ન કરતો રહ્યો. કોઈ કોઈ વાર ભાન જતું રહેતું. દીકરી સુઈ શકતી નહિ અને પાછળ ટેકો રાખતાં. તેના પિતાશ્રીએ મને કહ્યું કે, 'ડૉકટર, તમે ઘેર જઈ આરામ કરો. જરા પણ તકલીફ વધારે લાગશે તો તમને બોલાવી લઈશું.' મારું મન તેની પાસેથી ખસવા ના પાડતું હતું. પંદર દિવસ સતત કામને કારણે શરીર થાકેલું એટલે ઘરે જઈને સૂવા પ્રયત્ન કર્યો, પરંતુ ગીતાના જ વિચારો આવ્યા કરે!

એકાદ વાગ્યો હશે અને ગીતાએ મારું રટણ શરૂ કર્યું. થોડી વાર શુદ્ધિ ગુમાવી દે, થોડી વાર શુદ્ધિ આવે તેવી પરિસ્થિતિ હતી. નંદલાલભાઈને એમ કે ડૉકટરને થોડો આરામ ભલે મળે. તેમ કરતાં કરતાં સવારના પાંચ વાગ્યા. દીકરીથી હવે ન રહેવાયું એટલે ઈશારો કર્યો કે જલદી બોલાવી લાવો.

મારું ત્યાં પહોંચવું ને દીકરી જાણે મારી રાહ જોતી હોય તેમ મને જોઈને તેના ચહેરા પર છેલ્લું સ્મિત રમી રહ્યું અને દેહ છોડી દીધો. જાણે તેને મારી સાથે આંખોથી છેલ્લી વાતો કરી લેવી હતી?

બધાના પ્રયત્નો છતાં એક ફૂલ કરમાઈ ગયું.

## એક દીકરીએ અમને રાહ બતાવ્યો

મારી પુત્રી સોનલના અવસાન પછી અમે તેને ગમતી પ્રવૃત્તિઓ કરવા વિચારી રહ્યાં હતાં. તે તે એક આધ્યાત્મિક જીવ હતી. બહેનોને પગભર કરવાનું તે હંમેશા અમને કહ્યા કરતી. આપણા સમાજમાં બહેનોનું જે સ્થાન છે. તેનાથી તેને દુઃખ થતું.

અમે સીવણ કલાસ શરૂ કરવા વિચારતા હતાં, પરંતુ કોઈ દિશા સૂઝતી ન હતી, પરંતુ ઈશ્વરને તે અમારી પાસે કરાવવું હશે જેથી એક પ્રસંગ બન્યો.

એક ૨૦-૨૨ વર્ષની દીકરી હાથમાં કેસપેપર લઈને મારી રૂમમાં દાખલ થઈ. તપાસ કરી તો તેને પેટનો સખત દુખાવો હતો. તેને સમજાવી કે નસમાં

ઈંજેક્ષન આપવાથી તુરત મટી જશે. દીકરીએ ના પાડી. હું તેનો અર્થ સમજી ગયો કે તેની પાસે પૈસા નથી. મેં સમજાવી કે 'દીકરી, પૈસાની ચિંતા ન કર. દવા પણ તને અહીંથી આપીશું.'

'સાહેબ, મારા વાંક-ગુના વિના મારા પતિએ મને હડસેલી મૂકી છે. તેને બીજી છોકરી સાથે સંબંધ હતો એટલે મને તરછોડી દીધી. મારા બાપુને હું અહીં આવતી રહી તે ગમ્યું નથી. પરંતુ સાહેબ, હું શું કરું ? મને એમ થાય છે કે બસમાં બેસીને કયાંક જતી રહું. મારું ભાગ્ય જયાં લઈ જાય ત્યાં.'

દીકરીને આશ્વાસન આપ્યું. સમજાવી કે અમે સીવણ કલાસ શરૂ કરવાનાં છીએ. તું સીવણ શીખીશ એટલે તને સંચો આપીશ, તો તું પગભર થઈ શકીશ. દીકરી સહમત થઈ.

બીજે દિવસે અમે તેના લત્તામાં ગયાં. અમસ્તા પણ અમે મહિનામાં એકબે વાર તો જતાં જ હતાં. લત્તામાં સૌને મળી સીવણ કલાસની વાત કરી. ચાર બહેનો તૈયાર થઈ. એક બહેને તો એમ.ટી.સી. ડબલ્યુ. કરેલું એટલે તે શીખવવા તૈયાર થઈ.

અમારા ડ્રૉઈંગ રૂમમાં કલાસીસ શરૂ કર્યા. ત્રણેક અઠવાડિયામાં થયાં હશે અને સમાજકલ્યાણ અધિકારી મુલાકાતે આવ્યા. તેમને અમારા કલાસ ગમી ગયા. તુરત જ ત્રણ મશીન મંજૂર કર્યાં. તેમાં ખૂટતા અમે ઉમેરી દીધાં. ગામમાં વાત ફેલાઈ કે બહેન તો સીવણ શીખતી બહેનોને મશીન પણ આપે છે.

દિવસે દિવસે બહેનોની સંખ્યા વધવા લાગી. કદી ૧૦૦ બહેનોથી ઓછી સંખ્યા થઈ નથી. અત્યાર સુધીમાં દરજીને આવડે તેટલું સીવણ ૨૦૦૦ બહેનો શીખીને ગઈ છે !

દીકરીને મશીન મળી ગયું. તેણે ૬ ધોરણનો અભ્યાસ કરેલો. ટયુશનો રાખી તેણે મેટ્રિક પાસ કરી. આંગણવાડીમાં દાખલ થઈ.

આજે તે આંગણવાડીમાં નોકરી કરે છે. સાથે સાથે તે સિલાઈકામ પણ કરે છે. કવિતાઓ પણ લખે છે.

જીવનને નવો મોડ મળ્યો, એટલે તેને સંતોષ છે. તે અમારા સીવણ કલાસ શરૂ કરવામાં નિમિત્ત બની.

❑ *ડૉ. પ્રફુલ્લભાઈ શાહ*

**શ્રી બાલાસિનોર નવયુવકસંઘ દાતાનો આભાર માને છે.**

શ્રી મુકેશ કાંતી શાહ (ભાણાભાઈ) તરફથી સંઘને રૂા.૧,૦૦,૦૦૦/- (એક લાખ પુરા)નું માતબર દાન તેઓના પુત્ર અમીતના લગ્નપ્રસંગે પ્રાપ્ત થયું છે. સંઘવતી દાતાનો આભાર

*મંત્રી શ્રી પ્રદીપ કડકીઆ*

**શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ ઉદાર દીલ દાતાઓને અપીલ:-**

મેડીકલ સેન્ટર ખાતે પેથોલોજીના રીપોર્ટ કાઢવા માટે એક અન્ય આધુનીક ઈલેકટ્રોનીક મશીન વસાવવાનું નક્કી કરેલ છે. જે કોઈ ઉદારદીલ દાત્તા રૂા.૨,૫૦,૦૦૦/- અંકે રૂા. બે લાખ પચાસ હજાર પુરા અથવા તેથી વધુ રકમનું દાન આપશે તેનું નામ દાત્તા જે નામ સુચવશે એ રીતે મુકવામાં આવશે. અમારી વિનંતીને આવકાર આપશો.

❑ *પ્રમુખ શ્રી રસીકલાલ આર. કડકીઆ.*

## શ્રી ગોકુલેશો જંયતિ

**કાંદિવલીમાં વસતા સૌ બાલાસિનોરવાસીઓ તરફથી આમંત્રણ પત્રિકા ૯ મું વર્ષ**

# ફગવા ઉત્સવ

શ્રી ઠાકોરજીની અસીમકૃપાથી કાંદીવલીમાં વસતા બાલાસિનોરવાસીઓ તરફથી શ્રી ફગવાઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ ફગવા ઉત્સવ સં. ૨૦૬૦ના મહાવદ-૧૦ ને રવિવાર, તા.૧૫.૨.૦૪ના રોજ સ્વીમીંગ પુલ, એમ.જી. ક્રોસ રોડ નંબર-૨, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭ના મુકામે યોજવામાં આવેલ છે. તો બાલાસિનોરના સર્વે વૈષ્ણવોને ઉપરોક્ત મુકામે સહકુટુંબ પ્રસાદ લેવા પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે.

### ❁ ઉત્સવના મનોરથી ❁

શ્રી સુનીલ રજનીકાંત પરીખ (લેહંટા)

### ❁ શોભાયાત્રા ❁

મનોરથીના નિવાસસ્થાન એ/૧૨, શિવતીર્થ, શંકરગલી, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭ સવારે ૯.૦૦ કલાકે સમાજ બેસશે. તેમજ કળશનો વરઘોડો તેમના નિવાસ સ્થાનેથી સવારના ૧૦.૩૦ કલાકે નીકળીને સ્વીમીંગ પુલ, એમ.જી.રોડ ખાતે આવશે.

### ❁ લી. ❁

શ્રી સુનીલ રજનીકાંત પરીખ (લેહંટા)
તેજશ સુનીલ પરીખ (લેહંટા)ના જે જે **શ્રી ગોકુલેશ**

### ❁ ખેલના દર્શન ❁

બપોરના ૧.૦૦ કલાકે સ્વીમીંગ પુલ ખાતે શ્રી ઠાકોરજીના ખેલના દર્શન થશે. તેમજ ૪.૦૦ કલાકે શ્રી ઠાકોરજીના ધોળ-કીર્તનતેમજ રસિયા ગવાશે. તો દરેક વૈષ્ણવોને ઉપરના દરેક પ્રસંગે ઉપસ્થિત રહીને અલભ્ય આનંદ (લાભ) લેવા વિનંતી છે.

### ❁ લી. ❁

કાંદીવલીમાં વસતા બાલાસિનોરવાસીઓના

**જે જે શ્રી ગોકુલેશ**

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

ઉપરોક્ત સમાજની ૭મી વાર્ષિક સામાન્ય સભામાં કાર્યવાહક સમિતિના સર્વાનુમત્તે ચૂંટાયેલા ૨૭ સભ્યોની યાદી નીચે મુજબ છે.

૧) શ્રી કાંતિલાલ લાલચંદ દોશી : પ્રમુખ
૨) શ્રી મોહનલાલ ચુનીલાલ પરીખ : ઉપપ્રમુખ
૩) શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) : મંત્રી
૪) બંસીલાલ મણીલાલ ગાંધી : સહમંત્રી
૫) રાજેન્દ્ર મણીલાલ કડકીઆ (લટકારી) : સહમંત્રી
૬) શ્રી સુરેન્દ્ર રમણલાલ મોદી (ચોધરી) : ખજાનચી
૭) શ્રી નવનીતલાલ સાકરલાલ ધારિયા (માટલી) : સભ્ય
૮) શ્રી રસીકલાલ રમણલાલ કડકીઆ : સભ્ય
૯) શ્રી કીર્તિ હીરાલાલ કડકીઆ : સભ્ય
૧૦) શ્રી વસંત શાંતિલાલ પરીખ (વકીલ) : સભ્ય
૧૧) શ્રી સતીષ ભીખાલાલ પરીખ (રોકડીયા) : સભ્ય
૧૨) શ્રી બીપીન કીરતનલાલ દોશી : સભ્ય
૧૩) શ્રી જયંતિલાલ લલ્લુભાઈ કડકીઆ (હા.બોબવાળા) : સભ્ય
૧૪) શ્રી રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરવાળા): સભ્ય
૧૫) શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ : સભ્ય
૧૬) શ્રી રાજેશ જેઠાલાલ ગાંધી : સભ્ય
૧૭) શ્રી સુરેશ બલ્લુભાઈ પરીખ (રોકડીયા) : સભ્ય
૧૮) પ્રવીણચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) : સભ્ય
૧૯) શ્રી શ્રીકાંત બાબુલાલ પરીખ (રોકડીયા) : સભ્ય
